CAREERINDIA

# SAMPLE PAPER 2017-18
# STD-XII GUJARATI

**M. Marks - 100**

## SECTION – A (Advanced Reading Skill)

(1) નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર તમારા શબ્દોમાં લખો. 10

ભારતીય સંસ્કૃતિ શબ્દ નજર સમક્ષ આવતા જ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતા, સર્વધર્મ સમભાવ વગેરે જેવા ભારેખમ શબ્દો જ સ્મૃતિપટ પર અંકાય છે. ખરેખર આપણી સંસ્કૃતિ કેવી અને કેટલી અજોડ છે એનો અભ્યાસ કરીએ તો જ એના વિશે કઈંક મંતવ્ય રજૂ કરી શકીએ. પ્રાચીનકાળની રીતભાત, રહેણીકરણી પર નજર નાંખીશું તો ખ્યાલ અવશ્ય આવશે કે લોકોનું જીવનધોરણ કેટલું સરળ હતું, જરૂરત કેટલી ઓછી હતી. છતાં કેટલા સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ વગેરે જેવા શબ્દો કદાચ એમના શબ્દકોશમાં જ ન હતા.તેઓ પોતાના બાળકોમાં સદગુણોનું સિંચન કરતાં અને એક સારો માનવી બનાવવાની કોશિશ કરતાં. ખાસ કરીને પોતે અમલ કરીને સદગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં. આ વધારે અસરકારક શિક્ષણ છે એવી સમજ તેઓ ધરાવતા. પ્રાચીન કાળમાં જ્ઞાનને વધારે મહત્ત્વ આપતું તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન મેળવતા. દરેક ક્ષેત્રમાં સમજપૂર્વક આગળ વધતાં આ સાચી સમજ એ સંસ્કૃતિની ધરોહર છે. સર્વધર્મ સમભાવ અને ધર્મસહિષ્ણુતા પણ આ સમજને કારણે જ જન્મે છે. ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ પંક્તિ ‘હું માનવી, માનવ થાઉં તોય ઘણું’ ખરા અર્થમાં યથાર્થ થશે.

પ્રશ્નો

**(1)** ભારતીય સંસ્કૃતિ શાના દ્વારા સમૃદ્ધ બની છે?

(2) પ્રાચીન સમયના લોકો કેવાં હતાં?

(3) બાળકોનાં શિક્ષણ અને સંસ્કારો માટે લોકો શું કરતાં?

(4) પ્રાચીનકાળમાં લોકો શાને મહત્ત્વ આપતા?

(5) ‘હું માનવી, માનવ થાઉં તો ઘણું’- પંક્તિનો અર્થ સમજાવો.

www.careerindia.com

## SECTION –B (Effective Writing Skill)

(2) (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. **8**

(1) વૃક્ષો વાવો જીવન બચાવો

(2) જગતને આજે યુદ્ધની જરૂર છે કે બુદ્ધની

(3) મધ્યમવર્ગની મુશ્કેલીઓ

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. **6**

મુદ્દા – એક મુસાફર – ચાલતા ચાલતા થાકી જવું –એક આંબાના વૃક્ષ નીચે આરામ કરવા રોકાવું – સૂતા સૂતા વિચારવું 'આ ઇશ્વર તો મૂર્ખ છે –આવડું મોટુ આંબાનું વૃક્ષ ને આટલી નાની કેરી, આવડો નાનો કોળાનો વેલો અને આટલું મોટું ફળ' – ઠંડી હવાને કારણે ઊંઘ આવી જવી – થોડા સમય પછી એક કેરી તૂટીને એના માથા પર પડાવી – ઝબકીને જાગી જવું – વિચારવું 'ઈશ્વર ખરેખર બુદ્ધિમાન છે, જો આંબાના વૃક્ષ પર કેરીને બદલે કોળું હોત તો?' – ઇશ્વરી યોજનાનું રહસ્ય સમજાવું - બોધ

(ક) તમારા વિસ્તારમાં પ્રદૂષણને કારણે ફેલાયેલા રોગચાળા વિશે આરોગ્યમંત્રીને પત્ર લખો. 6

અથવા

જીવનમાં વાચનનું મૂલ્ય સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો.

## SECTION –C (Applied grammar)

(3) (અ) સૂચના પ્રમાણે પરિવર્તન કરો. 3

(1) આ શ્વાસની રમતમાં હારી ગયો છું. (નિષેધવાક્ય)

(2) કુદરતની શક્તિ આગળ માણસ લાચાર છે. (પ્રશ્નવાક્ય)

**(3)** ડૉક્ટર જીતુભાઈની અહી ઘણી બોલબાલા છે. (ઉદ્દગારવાક્ય)

(બ) નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારો. 3

(1) આજે તમારી વર્ગ લાગણી હું સમજ લેવાનો છું નથી

(2) સ્વાદ ગરીબોને ઈચ્છા જીભમાં છે વસ્તુમાં પકવાન્ન નહિ ખાવાની પણ થાય જ

(3) ખજાનો કુદરતનો ખૂલી વસંતમાં છે અણમોલ ધરતીને આંગણે જાય

www.careerindia.com

CAREERINDIA

(ક) નીચેના વાકયોના સૂચના પ્રમાણે કાળ બદલો. 3

(1) આકાશમાં મેઘધનુષના રંગો પથરાયા હતા. (ચાલુ વર્તમાનકાળ)

(2) પાણીકળાએ ગુરુગમની ચાવી નાનાભાઈને બતાવી. (સામાન્ય ભવિષ્યકાળ)

(3) સમયનો સદ્દુપયોગ કરીને મહાપુરુષોએ લક્ષ્ય સિદ્ધ કર્યા છે. (પૂર્ણ ભૂતકાળ)

(ડ) નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. 3

(1) વિના સહકાર નહિ ઉદ્ધાર

(2) માગ્યા વિના તો મા પણ ન પીરસે.

(3) કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય.

(ઇ) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ લખી વાક્યપ્રયોગ કરો. 3

(1) ધૂંવાંપૂંવાં થવું

(2) ઘા લગાવો

(3) પાણીની જેમ પૈસા વેરવા

(2) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો 2

(1) તિમિર (2) મશહૂર (3) ક્રાંતિ (4) પ્રતિકૃતિ

(ઈ)(1) નીચેના શબ્દોના વિરોધી શબ્દ આપો. 1

(1) દીર્ઘ (2) વિશિષ્ટ

(2) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. 2

(1) પ્રોત્સાહન (2) પૃથ્વી

## SECTION –D (Literature)

(4) (અ) નીચેનામાંથી કોઈ પણ ચાર વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો. 8

(1) કાંચનને ગેરુની અદેખાઈ આવી.

(2) લેખકના પત્ની લેખક પર નારાજ થઈ ગયા.

(3) ગોરબાપાએ કનુને ઘર છોડવા ભલામણ કરી.

(4) લોકક્રાંતિનું સ્મરણ લેખકને આનંદ અને ગ્લાનિનો અનુભવ કરાવે છે.

(5) ઘરના બધા નોકરની ફરી આવવાની રાહ જોવા લાગ્યા.

www.careerindia.com

CAREERINDIA

(બ) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં સાત-આઠ વાકયોમાં ઉત્તર લખો. 8

(1) લેખકના પરિવારના જુદા જુદા સભ્યો પહેલું કામ કોને ગણાવતા હતા?

(2) સોનીમહાજન અને બીજાઓએ ચંદ્રવદન પ્રત્યે કયા કયા કટાક્ષ કર્યા?

(3) જયંત અને આનંદ વચ્ચે કઈ બાબતે સ્પર્ધા હતી? તેનું શું પરિણામ આવ્યું?

(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 4

(1) લેખકને અમદાવાદ સ્ટેશને શો અનુભવ થયો?

(2) 'ઠીક જ થયું -સુહાસભાઈ છૂટી ગયા' –આ વાક્યમાં કયો ભાવ પ્રગટ થાય છે ?

(3) લેખક આથમણી દિશામાં શું જોઈ દંગ રહી ગયા?

(5)(અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર તમારા શબ્દોમાં લખો. 6

તગ તગ કરતો તડકો ....
અહીં અડકો કે ત્યાં અડકો, બસ જાણે વટનો કટકો ....
જરા ધરા પર પગ મૂકો ત્યાં
કાળઝાળ થઈ બટકે;
છાંય મહીં ત્યાં સહુ ચાલેને
ના કોઈ એને અડકે.
એક તરાપે શિકારને બસ બાઝી પડતો ભડકો ......
એ જ શિયાળે પીઠ શેકતો
હુંફ આપતો નીકળે ;
હિમની ચાદર એના પરશે
હળવે હળવે પીગળે.
સોનાવરણી કાય કરી દે સમય મહીં જઈ અડકો .....
તગ તગ તગતો  તડકો----

પ્રશ્નો (1) કવિને તડકો કેવો લાગે છે?
(2) ઉનાળામાં બપોરે ધરતી પર પગ મૂકતાં તડકો શું કરે છે?
(3) છાંયડે ચાલતા લોકો તડકાને કેવી રીતે જુએ છે?
(4) કવિ તડકાને શિકારી શા માટે કહે છે?
(5) શિયાળાના તડકાના સ્પર્શ વિશે કવિ શું કહે છે?
(6) કવિએ તડકાના કયા કયા રૂપોનું આલેખન કર્યું છે?

www.careerindia.com

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. 6

(1) નરસિંહ મહેતા પોતાને ભાગ્યશાળી ગણે છે?

(2) વાદળ વરસ્યા પછી ખેતર અને હવામાં શું પરિવર્તન આવ્યું

(3) 'તુંબડું નકામું પડ્યું છે' એમ કવિ શા માટે કહે છે?

(4) શમણાંને શું જોઈતું હતું? એ તેને કોણે આપ્યું?

(ક) નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોનાં વિસ્તૃત લખો. 8

(1) 'ફૂલ વિણ સખે !' કાવ્યનો સંદેશ તમારા શબ્દોમાં લખો.

(2) સમાજમાં ચાલતો અવળો ન્યાય દર્શાવવા કવિએ ક્યા ક્યા દષ્ટાંતો આપ્યા છે?

(3) 'અઢળક ઢળિયો રે શામળિયો' કાવ્યનું વક્તવ્ય સ્પષ્ટ કરો.

(6) નીચેનામાંથી કોઈપણ એક લેખકનો પરિચય આશરે 200 શબ્દોમાં કરવો. 10

(1) ઉમાશંકર જોશી

(2) કલાપી

(3) દલપતરામ

----------x-----------x-----------

www.careerindia.com